# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૨૦૩૭૪ તા. ૦૨/૧૧/૨૦૧૮

પરિપત્ર-૬૮૧

વિષય- વર્ષ ૨૦૧૮-૧૯ના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની પ્રપોઝલ ઓનલાઈન ફોરવર્ડ કરવા બાબત.

સંદર્ભ- જિલ્લા નાયબ નિયામક (વી.જા) તા.૦૬/૦૮/૨૦૧૮ના પત્ર. નં/જિનાની/વી.જા./૧૮-૧૯/૩૮૧૯ થી ૩૮૨૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પરિપત્ર અન્વયે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પીજી કેન્દ્રો/ સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ ને જણાવવાનું કે સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી તથા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ઓનલાઈન ભરાયેલ ફોર્મ કોલેજ કક્ષાએ મોટી સંખ્યામાં પડતર છે. આપની કક્ષાએ પડતર ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મમાં સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ બાબતોની ખરાઈ અને ચોકસાઈ કરીને ઓનલાઈન ફોર્મની છેલ્લી તા. ૧૫/૧૧/૨૦૧૮ની રાહ જોયા વિના દિન-૨માં બિનચુક હાયર ઓથોરીટીને (જિલ્લા કચેરીને) મોકલી આપવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- પરિપત્ર, જિલ્લા નાયબ નિયામક (વિ.જા)ની કચેરી, નર્મદા ભવન, વડોદરા.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/ માન્ય પીજી કેન્દ્રો/ સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# જિલ્લા નાયબ નિયામક(વિ.જા.)ની કચેરી,

## નર્મદા ભવન, સી-બ્લોક, બીજો માળ,વડોદરા

ફોન નં.૦૨૬૫-૨૪૨૬૬૨૨ ઈ-મેલ:-swo-ddo-vad@gujarat.gov.in

**પરીપત્ર:-** નં/જિનાની/વિ.જા./૧૮-૧૯/ ૩૯૧૯-થી ૩૯૨૮

ડિજિટલ ગુજરાત પોર્ટલ

અગત્યનું/સમયમર્યાદા તા: ૦૧/૧૧/૨૦૧૮

વિષય :- વર્ષ ૨૦૧૮-૧૯ના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની પ્રપોઝલ ઓનલાઈન ફોરવર્ડ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપશ્રીની શાળા/કોલેજ/આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી તથા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ઓનલાઈન ભરાયેલ ફોર્મ શાળા/કોલેજ કક્ષાએ મોટી સંખ્યામાં પડતર છે.

આપશ્રીની શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએ પડતર ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મમાં નીચેની બાબતોની ખરાઈ અને ચોકસાઈ કરીને જ ઓનલાઈન ફોર્મ છેલ્લી તા.૧૫-૧૧-૨૦૧૮ની રાહ જોયા વિના દિન-૨માં બિનચુક હાયર ઓથોરીટીને (જિલ્લા કચેરીને) ફોરવર્ડ કરવા વિનંતી છે.

(૧) વિદ્યાર્થીએ એક કરતાં વધુ યોજનામાં ઓનલાઈન ફોર્મ ભરેલ નથી, તેની ખાસ ખરાઈ કરવી. જો એક કરતા વધુ યોજનામાં ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તો વિદ્યાર્થીને જે યોજના લાગુ પડતી હોય તે યોજનાનું ફોર્મ માન્ય રાખી અન્ય યોજનાઓનાં ફોર્મ શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએથી ડીલીટ/રીજેક્ટ કરવા.

(૨) વિદ્યાર્થીઓએ લાગુ પડતી યોજનામાં ઓનલાઈન ફોર્મમાં ભરેલ વિગતો તથા અપલોડ કરેલ ડોક્યુમેન્ટ સાચા અને બરાબર છે કે કેમ? તેની કાળજીપૂર્વક અને ચોકસાઈપૂર્વક ખરાઈ કર્યા બાદ જ વિદ્યાર્થીનું ઓનલાઈન ફોર્મ હાયર ઓથોરીટીને (જિલ્લા કચેરીને) ફોરવર્ડ કરવુ. જો વિદ્યાર્થીનું ઓનલાઈન ફોર્મ અધુરી વિગતે ભરેલ હોય કે પુરતા ડોક્યુમેન્ટ અપલોડ કરેલ ના હોય તો શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએથી ઓનલાઈન ફોર્મ વિદ્યાર્થીને તુરંત જ રીટર્ન (પરત) કરી ક્ષતિપૂર્તતા કરાવ્યા બાદ જ ઓનલાઈન ફોર્મ હાયર ઓથોરીટીને ફોરવર્ડ કરવું.

(૩) સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વાર્ષિક રૂ.૨.૦૦ લાખ સુધીની આવકવાળા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને BCK-325 ની યોજનામાં જ ફોર્મ ભરાવવા ખાસ કાળજી લેવી. સેલ્ફ ફાઈનાન્સ કોલેજના ઉક્ત આવક મર્યાદામાં આવતા વિચરતી- વિમુક્ત જાતિના વિદ્યાર્થીએ અન્ય યોજનામાં ફોર્મ ભરેલ હોય તો તે ઓનલાઈન ફોર્મ રીજેક્ટ કરી નવેસરથી BCK-325ની યોજનામાં જ ફોર્મ ભરાવવું.

(૪) વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તે ફોર્મની બે હાર્ડકોપી મેળવી એક હાર્ડકોપી તથા નિયતનમુનાના ૧૬ (સોળ) કોલમના અંગ્રેજી પત્રકમાં વિદ્યાર્થીઓની માહિતી તૈયાર કરી પ્રમાણપત્રમાં આચાર્યશ્રીના સહી/સિક્કા કરી કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે યોજનાવાર અલગ અલગ દરખાસ્ત તૈયાર કરી ફાઈલ પર મોટા અક્ષરે શાળા/કોલેજ તથા આચાર્યશ્રી તેમજ શિષ્યવૃત્તિનું કામ કરતા કર્મચારીનું નામ તથા મોબાઈલ નંબર અને શાળા/કોલેજનું E-Mail Address લખી શિષ્યવૃત્તિની ઓનલાઈન કામગીરી કરતા કર્મચારીને રૂબરૂ મોકલી જિલ્લા કચેરીને તુરંત જ દરખાસ્ત રજૂ કરવી. ઓફલાઈન દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે તો વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ મંજૂર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.

ક્ર.-

(૫) આપની શાળા/કોલેજમાં ચાલતા અભ્યાસક્રમની સરકારી ધારા-ધોરણ મુજબ વાર્ષિક શિક્ષણ ફી, પરીક્ષા ફી તથા અન્ય ફીના સ્ટ્રકચરની વિગતો ઓફલાઈન દરખાસ્ત સાથે બિનચૂક રજુ કરવી, અન્યથા વિદ્યાર્થીની ફી મંજુર કરવામાં આવશે નહિ.

(૬) BCK-81-A માં આવક મર્યાદા રૂ.૧.૦૦ લાખ થી વધારીને રૂ.૧.૫૦ લાખ કરવામાં આવેલ છે, જે ધ્યાનમાં લેવા તથા વિદ્યાર્થીઓને ખાસ જાણ કરવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)
વડોદરા.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

<u>નકલ રવાના:-</u>

૧. રજીસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા.
૨. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ટેકનો.યુનિવર્સિટી અમદાવાદ.
૩. રજીસ્ટ્રારશ્રી,આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
૪. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૫. રજીસ્ટ્રારશ્રી,ગુરૂ ગોવિંદસિંહ યુનિર્સિટી,ગોધરા.
૬. રજીસ્ટ્રારશ્રી,પારૂલ યુનિવર્સિટી, વડોદરા.
૭. રજીસ્ટ્રારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા.
૮. રજીસ્ટારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી,વડોદરા.
૯. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,વડોદરા સંબંધિત ધોરણ-૧૧-૧૨ની શાળાઓને સુચના આપવા સારૂ.
-- સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.